**//આંક–૦૧ હેઠળ હુકમ//**

**(૧)** હાલના દાવાનુ રેકર્ડ વંચાણે લીધુ. સદર દાવો રે.દિ.પ.અ.નં.૩/૨૦૨૪ કે જે તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ દાખલ કરવામાં આવેલ તે અરજીના કામે આંક–૧ હેઠળ થયેલ તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજના હુકમ અન્વયે ફરિ ફાઈલે લેવામાં આવેલ છે/રિસ્ટોર થયેલ છે.

**(૧.૧)** એટ ધ આઉટસેટ, રે.દિ.પ.અ.નં.૩/૨૦૨૪ ની અરજીની હકીકત અત્રે ધ્યાને લેવી જરૂરી છે. જે અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે,

*"૧. અમો અરજદારોએ નામ. સાહેબની કોર્ટમાં રે.દિ.કે.નં.૩૧/૨૦૨૧ થી આ કામના સામાવાળાઓ સામે દાવો દાખલ કરેલ જે વિદિત થાય.*

*૨. સદરહું દાવો અમારા વકિલ સાહેબ ચલાવતા હોય અને અમારી હાજરીની જરૂરીયાત ન હોય જેથી તારીખે ૦૪/૦૭/૨૦૨૨ ના રોજ અમારા વકિલ સાહેબ ગોંડલ મુકામે રહેતા અને ગોંડલથી ભાયાવદર કોર્ટમાં હાજર તથા હતા પરંતુ તારીખ ૦૪/૦૭/૨૦૨૨ ના રોજ ભારે વરસાદને કારણે ગોંડલ, જામકંડોરણા ભાયાવદરના રસ્તા વચ્ચે નદી આવતી હોય નદી ઉપર પુલ તુટી જતા જેથી અવર જવરનો વાહન વ્યવહાર સંપુર્ણપણે બંધ થઈ જતાં ત્યાં પહોંચી શકેલ નહી જે વિદિત થાય.*

*૩. સદરહું તારીખ ૦૪/૦૭/૨૦૨૨ ના રોજ નામ.કોર્ટે આંક–૧ હેઠળ હુકમ કર્યાની તારીખથી ૩૦ દિવસમાં અમો અરજદારે ફરી રિસ્ટોરેશનની અરજી કરવી જોઈએ જે સમયમર્યાદામાં કરી શકેલ નથી જેના કારણો નીચે મુજબ છે જે વિદિત થાય.*

*સદરહુ નામ.કોર્ટે તા.૦૪/૦૭/૨૦૨૨ ના રોજ આંક–૧ હેઠળ ગેરહાજરી સબબ દાવો ડિફોલ્ટ ફોર ડીસમીસ કરવાનો હુકમ કરેલ છે ત્યાર બાદ ગોંડલ–જામકંડોરણા રોડ બંધ હોય અને ફરી ફરીને આવવા જવાનું થોડુ મુશ્કેલ હોય તેમજ આ કામના સામાવાળા નં.૨ નુ અવસાનના સમાચાર મળેલા જેની ખરાઈ કરવા માટે તથા*

*મરણ સર્ટીફીકેટ મેળવવામાં સમય લાગેલ જે અમોને તા.૨૭/૦૪/૨૦૨૩ ના રોજ સામાવાળા નં.૨ નો મરણનો દાખલો મળેલો જે વિદિત થાય. સદરહુ સામાવાળા નં.૨ નો મરણનો દાખલ અરજદારો પાસે આવી જતા તેના વારસદારોના નામ જાણવા મળેલા અને તેઓના સરનામા મેળવવા માટે અથાગ પ્રયત્નો કરતા સામાવાળા નં.૨ ના વારસદારોના સરનામાઓ અરજદારોને મળી જતા આ કામમાં અરજદારોએ સામાવાળા નં.૨ ના વારસોને જોડેલા છે. સદરહુ ૨૧ માસ ૧૭ દિવસનો વિલંબ થયેલ છે એટલે કે કુલ દિવસ ૬૫૭ નો વિલંબ થયેલ છે ઉપરોકત પારામાં જણાવેલ હકીકતની વિગતો મેળવવામાં સમય લાગેલ છે જે સમયને માફ કરવા નમ્ર અરજ કરેલ છે."*

**(૧.૨)** આમ, ઉપરોકત અરજીની હકીકત ધ્યાને લેતાં, સદરહુ અરજીમાં અરજદાર/વાદી દ્વારા રે.દિ.પ.અ.નં.૩/૨૦૨૪ સિવાય તે અગાઉ હાલનો દાવો રિસ્ટોર કરવા માટે અન્ય કોઇ એપ્લીકેશન કોઈ પણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ છે કે કેમ, તથા જો આવી કોઈ રિસ્ટોરેશન માટેની એપ્લીકેશન કરવામાં આવી હોય તો તે અન્વયે કોઈ હુકમ થયેલ છે કે કેમ, તે બાબતે લેશમાત્ર ઉલ્લેખ કરવામાં આવેલ નથી, જે નોંધવુ અનિવાર્ય છે.

**(૨)** હાલનો દાવો રિસ્ટોર થતાં અત્રેની અદાલતના ધ્યાન પર આવેલ કે, હાલના કામે પ્રતિવાદી તરીકે અશોકભાઇ કાનજીભાઇ ત્રાડા તથા હેમીબેન વલ્લભભાઈ ભૂતને દર્શાવેલા છે, જયારે કે રે.દિ.પ.અ.નં.૩/૨૦૨૪ ના કામે સામાવાળા તરીકે અશોકભાઇ કાનજીભાઇ ત્રાડા, સ્વ.હેમીબેન વલ્લભભાઈ ભૂતના વારસદારો રીનાબેન વલ્લભભાઈ ભૂત તથા હિતેશભાઈ વલ્લભભાઈ ભૂત તથા પ્રસન્નાબેન વલ્લભભાઈ ભૂત તથા સ્વ.સુધીરભાઈ વલ્લભભાઈ ભુતના વારસદારો મનીષાબેન સુધીરભાઈ ભૂત તથા સગીર ઋષી સુધીરભાઇ ભૂત તથા સગીર વિશ્વા સુધીરભાઇ ભૂતને દર્શાવેલ છે. આથી, વાદીઓના વિ.વ.શ્રીને સ્વ.હેમીબેન વલ્લભભાઈ ભૂતના વારસદારો,

સ્વ.સુધીરભાઇ વલ્લભભાઇ ભુતના વારસદારોને કયા સ્ટેજ પર તથા કઇ મેટરમાં થયેલ હુકમ અન્વયે દિ.પ.અ.નં.૩/૨૦૨૪ ના કામે સામાવાળા તરીકે જોડવામાં આવેલ છે તે બાબતે મૌખિક કવેરી કરતા, વિ.વ.શ્રી આર.એસ.પરસાનાઓએ રજુઆત કરેલ કે, અગાઉ નામ. એડી. ડિસ્ટ્રીકટ કોર્ટ, ધોરાજીમાં દિ.પ.અ.નં.૨૯/૨૦૨૩ ના કામે સદરહુ વારસોને રેકર્ડ પર લાવવા માટેની અરજીના હુકમ અન્વયે સદરહુ કામે સદરહુ વારસોને જોડવાનો હુકમ થયેલ, જે દિ.પ.અ.નં.૨૯/૨૦૨૩ હાલના વાદીઓ દ્વારા વિથડ્રો કરતા સદર અરજી વિથડ્રોથી કેંસલ થયેલ.

**(૨.૧)** ત્યાર બાદ અત્રેની અદાલતના ધ્યાન પર આવેલ કે, હાલનો દાવો તા.૦૪/૦૭/૨૦૨૨ ના રોજ અત્રેની અદાલત દ્વારા ડિસમીસ ફોર ડિફોલ્ટ કરવામાં આવેલ અને ત્યાર બાદ હાલનો દાવો રિસ્ટોર કરવા માટે તા.૨૦/૦૭/૨૦૨૨ ના રોજ વાદીઓ દ્વારા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરવામાં આવેલ, જે અત્રેની અદાલત દ્વારા તા.૦૩/૦૧/૨૦૨૩ ના આંક–૧ હેઠળના હુકમ અન્વયે નામંજુર કરવામાં આવેલ, તથા સદર હુકમને દિ.પ.અ.નં.૨૯/૨૦૨૩ ના કામે નામ.એડિ. ડિસ્ટ્રીકટ કોર્ટ, ધોરાજી સમક્ષ ચેલેન્જ કરવામાં આવેલ, જે વાદીઓ દ્વારા વિથડ્રો કરવામાં આવેલ. આમ, જયારે અત્રેની અદાલત દ્વારા દિ.પ.અ.નં.૭/૨૦૨૨ નામંજુર કરવાનો હુકમ અગાઉ થયેલ હોય, ત્યારે દિ.પ.અ.નં.૩/૨૦૨૪ થી દાખલ થયેલ એપ્લીકેશન, હાલના વાદીએ અત્રેની અદાલત સમક્ષ મટીરીયલ ફેકટ્સ સપ્રેસ કરીને તથા કોર્ટને ગેરમાર્ગે દોરવાના ઉદ્ધેશથી તથા કોર્ટની પ્રોસેસનો અબ્યુસ કરવાના ઉદ્ધેશથી ફરીથી ફાઇલ કરી હોવાનુ ફલીત થાય છે. વધુમાં, આ સંદર્ભે વાદી તરફે વિ.વ.શ્રી ડી.કે.શેઠનાઓની મૌખિક રજુઆત રહેલ કે, દાવો જયારે ડિસમીસ ફોર ડિફોલ્ટ થાય ત્યારે વાદી તેવો દાવો રિસ્ટોર કરવા માટે એક કરતા વધારે વખત દાવો જે કોર્ટ દ્વારા ડિસમીસ ફોર ડિફોલ્ટ કરવામાં આવેલ હોય તે જ કોર્ટ સમક્ષ અરજી દાખલ કરી શકે, પરંતુ, તે અનુસંધાને વાદીના વિ.વ.શ્રી કોઇ કાયદાકીય જોગવાઇ હોય તેવુ

પોઈન્ટ આઉટ કરી શકેલ નથી, તથા ત્યાર બાદ તેઓ અત્રેની અદાલત સમક્ષ આ અંગે કાયદાનુ કોઈ પ્રોવીઝન હોય તે રજુઆત કરવા હાજર રહેલ હોય તેમ રેકર્ડ પરથી જણાય આવતુ નથી.

(૩) આમ, ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામના વાદી દ્વારા દિ.પ.અ.નં.૩/૨૦૨૪ ફરીથી રિસ્ટોર કરવા જે અરજી દાખલ કરવામાં આવેલ, તે અરજીમાં માત્ર અરજી દાખલ કરવામાં ૬૫૭ દિવસનો વિલંબ છે તે હકીકત દર્શાવેલ, પરંતુ તેઓ દ્વારા હાલનો દાવો રિસ્ટોર કરવા માટે અત્રેની અદાલતમાં અગાઉ દિ.પ.અ.નં.૭/૨૦૨૨ દાખલ કરેલ હોવાની હકીકત છુપાવેલ તથા તે હુકમથી નારાજ થઇ દિ.પ.અ.નં.૨૯/૨૦૨૩ નામ.ડિસ્ટ્રીકટ કોર્ટમાં પડકારવામાં આવેલ હોવાની હકીકત છુપાવેલ. આમ, એપેરન્ટલી અત્રેની કોર્ટને અગાઉ રિસ્ટોરેશનની અરજી નામંજુર થયેલ તે હકીકત સંબંધે અંધારામાં રાખી દિ.પ.અ.નં.૩/૨૦૨૪ ના કામે ફ્રોડ્યુલન્ટલી રિસ્ટોરેશનનો હુકમ મેળવવામાં આવેલ હોવાનુ સ્પષ્ટ થાય છે. આથી કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ દિ.પ.અ.નં.૩/૨૦૨૪ ના કામે થયેલ તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજનો હુકમ વોઇડ એબ ઈનીશીયો ગણાય, કારણ કે, સદર હુકમ કોર્ટ પર ફ્રોડ કરીને મેળવવામાં આવેલ છે. વધુમાં, વાદી નં.૩ નાઓએ અત્રેની અદાલતમાં આ અનુસંધાને એવી મૌખિક રજુઆત કરેલ કે, તેઓના વકિલશ્રીની ભુલના કારણે વાદીને હાલના દાવાના કામે સફર(SUFFER) થવુ પડે તે યોગ્ય નથી. પરંતુ, હાલના કામે જયારે વાદી દ્વારા દિ.પ.અ.નં.૭/૨૦૨૨ ના કામે થયેલ તા.૦૩/૦૧/૨૦૨૩ ના રોજના હુકમને નામ.એડી. ડિસ્ટ્રીકટ કોર્ટ, ધોરાજી સમક્ષ ચેલેન્જ કરવામાં આવેલ હોય તથા સદર અરજી વાદીએ વિથડ્રો કરેલ હોય ત્યારે વાદી દ્વારા દિ.પ.અ.નં.૩/૨૦૨૪ માં અગાઉની રિસ્ટોરેશન એપ્લીકેશન તથા નામ.એડિ.ડિસ્ટ્રીકટ કોર્ટ, ધોરાજી સમક્ષ થયેલ પ્રોસીડીંગ બાબતેની હકીકત શા કારણે છુપાવવામાં આવેલ તે માત્ર વાદીના વિ.વ.શ્રીની ભુલ હોય તેમ માની શકાય નહી. વધુમાં, તા.૦૩/૦૧/૨૦૨૬ ના

રોજ વાદી નં.૩ નાએ હાલના કામે શરતી વિડ્રો પુરસીસ રજુ કરેલ, જેમાં તેઓએ હાલનો દાવો ટેકનીકલ ક્ષતિના કારણે ફરી ફાઇલ કરવાની શરતે પરત ખેંચવા અંગેની રજુઆત કરેલ, જે પુરસીસ હેઠળ દાવાની તથા સબજેક્ટ રિસ્ટોરેશન એપ્લીકેશનની હકીકતો ધ્યાને રાખી, તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ રેકર્ડ પર નહી લેવા અંગેનો હુકમ કરવામાં આવેલ છે. આમ, સમગ્ર હકીકત તથા રિસ્ટોરેશન અરજી દાખલ કરવાની ટાઇમ લાઇન ધ્યાને લેતાં વાદીએ હાલનો દાવો રિસ્ટોર કરવા અંગેનો ઓર્ડર ફ્રોડ્યુલન્ટલી મેળવેલ હોવાનુ જણાય છે. આમ, વાદી જયારે કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલ નથી ત્યારે અને જયારે વાદી તરફે જાણીબુઝીને દિ.પ.અ.નં.૭/૨૦૨૨ નામંજુર થયેલ હોવાની હકીકત છુપાવવામાં આવેલ છે ત્યારે વાદી કોઇ પણ પ્રકારની દાદ મેળવવા હક્કદાર હોય તે બાબતે મોટો પ્રશ્ન ઉદભવે છે. તથા દિ.પ.અ.નં.૩/૨૦૨૪ ના કામે થયેલ તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજનો અત્રેની અદાલતનો હુકમ વોઇડ એબ ઇનીશીયો હોય ત્યારે હાલનો દાવો આગળ ચાલી શકે નહી, તથા હાલના દાવાના રિસ્ટોરેશનના મુદ્દે તા.૦૩/૦૧/૨૦૨૩ ના રોજનો દિ.પ.અ.નં.૭/૨૦૨૨ ના કામે થયેલ હુકમ જ કાયમ ગણાય. આથી, ઉપરોકત ચર્ચાના અનુસંધાને તથા દિ.પ.અ.નં.૭/૨૦૨૨, તથા દિ.પ.અ.નં.૩/૨૦૨૪ ની હકીકતો તથા તે અન્વયે થયેલ હુકમ ધ્યાને લેતાં, તથા નામ.એડી.ડિસ્ટ્રીકટ કોર્ટ, ધોરાજી સમક્ષ દિ.પ.અ.નં.૨૯/૨૦૨૩ વિથડ્રો થયેલ હોવાની હકીકત ધ્યાને લેતાં, હાલના દાવાના કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## //હુકમ//

આથી હાલના દાવાના કામે અત્રેની અદાલતના આંક–૧ હેઠળના તા.૦૪/૦૭/૨૦૨૨ ના રોજના હુકમને ધ્યાને લેતાં, હાલનો દાવો ડિસમીસ ફોર ડિફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે. તથા હાલના કામના વાદીઓને રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા)ની રકમ કોસ્ટ પેટે ટી.એલ.એસ.સી., ઉપલેટામાં આ

હુકમની તારીખથી દિન–૩૦ માં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૨૮, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ ૨૮/૦૪/૨૦૨૬.**
**મુકામઃ ઉપલેટા.**

**(દેવલ યજ્ઞેશ્વર પટેલ)**
**પ્રિન્સી. સિવિલ જજ,**
**ભાયાવદર.**
**UIC-GJ01515**